# EduSafar

EduSafar

સમીક્ષા 260 તારીખ 16/4/16

**ભારતના કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા ભારતને દક્ષિણ એશિયા વન જીવન પ્રવર્તન નેટવર્કના ઔપચારિક સભ્ય બનવાની મંજુરી આપેલ છે.**

૧) દક્ષિણ એશિયા વન જીવન પ્રવર્તન નેટવર્કનું ટૂંકું નામ (SAWEN) સાવેન છે.

૨) 13 એપ્રિલ 2016 ના રોજ ભારતના પ્રધાનમંત્રીના મંત્રીમંડળ દ્વારા ભારતને દક્ષિણ એશિયા વન જીવન નેટવર્કના ઔપચારિક સભ્ય બનવાની મંજુરી આપવામાં આવેલ છે.

3) સાવેન એક ક્ષેત્રીય નેટવર્ક છે.જેમાં અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, ભૂતાન,ભારત, માલદીવ, નેપાળ અને પાકિસ્તાન તેમજ શ્રીલંકાનો સમાવેશ થાય છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૪) આ સંસ્થાનો ઉદેશ્ય વન્યજીવો પર આવનાર મુશ્કેલીઓ રોકવાનો છે.

૫) વન્યજીવો પર થતા અત્યાચાર તથા તસ્કરી રોકવા માટે પ્રયાસો કરવામાં આવશે.

૬) આ સંસ્થાના સભ્ય તરીકે રાષ્ટ્ર પોતાના સીમાક્ષેત્રો બહાર પણ સંચાર, સમન્વય સહયોગ ક્ષમતા નિર્માણ કરી શકશે.

૭) આ સંસ્થાના સહયોગથી વન્યજીવોને રક્ષણ પૂરું પાડવામાં જરૂરી પગલાઓ લઇ શકાશે.

## સમીક્ષા 261 તારીખ 17/4/16

**ભારતે કે-4 બૈલીસ્ટીક મિસાઈલનું સફળ પરિક્ષણ કર્યું...**

૧) 13 એપ્રિલ 2016 ના રોજ ભારત દ્વારા લાંબી રેન્જની કે-4 બૈલીસ્ટીક મિસાઈલનું સફળ પરિક્ષણ કરવામાં આવેલ છે.

૨) કે-4 એ આ મિસાઈલનું કોડ નામ આપવામાં આવેલ છે.

3) આ મિસાઈલને ડીફેન્સ રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ ઓર્ગેનાઈઝેશન દ્વારા બનાવવામાં આવેલ છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૪) હાલમાં DRDO K-સીરીઝની ત્રણ મિસાઈલ વિકસિત કરવાની યોજના બનાવી રહ્યું છે.

૫) કે-4 મિસાઈલની લંબાઈ 12 મીટર તથા પહોળાઈ 1.3 મીટર છે.

૬) આ મિસાઈલ પાણીની નીચે 20 ફૂટ રહીને પણ ફાયર કરી શકે છે.

૭) આ મિસાઈલની મારક ક્ષમતા 3500 કિમી જેટલી છે, તેમાં 2000 કિલોગ્રામ બારૂદ લઇ જઈ શકાય છે.

## સમીક્ષા 262 તારીખ 18/4/16

**હાલમાં પદ્મા સચદેવને વર્ષ 2015 ના સરસ્વતી સન્માન માટે પસંદ કરવામાં આવ્યા...**

૧) 12 એપ્રિલ 2016 ના રોજ ડોંગરી અને હિન્દી ભાષાના મશહુર લેખિકા પદ્મા સચદેવને વર્ષ 2015 ના સરસ્વતી સન્માન માટે પસંદ કરવામાં આવ્યા છે.

૨) સચદેવને આ સન્માન ડોંગરી ભાષામાં લેખેલી તેની આત્મકથા ચિત ચેતે માટે આપવામાં આવશે.

3) પદ્મા સચદેવનો જન્મ 17 એપ્રિલ 1940 ના રોજ જમ્મુમાં થયો હતો.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૪) પદ્મા સચદેવ ડોંગરી ભાષાના પ્રથમ આધુનિક કવિયત્રી છે.

૫) મેરી કવિતા મેરે ગીત માટે તેઓને 1971 માં સાહિત્ય અકાદમી પુરસ્કાર આપવામાં આવ્યો હતો.

૬) સરસ્વતી સન્માન ભારતના બંધારણની આઠમી અનુસૂચીમાં સૂચીબદ્ધ ભારતીય ભાષાઓમાં ઉત્કૃષ્ઠ ગદ્ય અથવા કવિતા સાહિત્યિક કૃતિઓની માન્યતા માટે આપવામાં આવે છે.

૭) આ એક વાર્ષિક સન્માન છે, આ સન્માન તેઓને પાછળના 10 વર્ષોના સાહિત્યિક પ્રદાન માટે આપવામાં આવે છે.

## સમીક્ષા 263 તારીખ 19/4/16

પ્રધાનમંત્રીશ્રીએ ડો. આંબેડકરની 125 મી જન્મ જયંતિ પર ગ્રામ ઉદયથી ભારત ઉદય અભિયાનનો શુભારંભ કરાવ્યો...

૧) 14 એપ્રિલ 2016 ના રોજ દેશના વડાપ્રધાનશ્રીએ મધ્યપ્રદેશના મહુ ગામમાં ગ્રામ ઉદયથી ભારત ઉદય અભિયાનની શરૂઆત કરેલ છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૨) આ અભિયાન 14 થી 24 એપ્રિલ 2016 સુધી એટલે કે પંચાયતી રાજ દિવસ સુધી ચાલશે.

3) આ અભિયાન અંતર્ગત ગ્રામીણ ભારત માટે કેન્દ્રની વિવિધ યોજનાઓ માટે જાગરૂકતા આપવામાં આવશે.

૪) આ અભિયન અંતર્ગત વિવિધ પંચાયત સ્તર અને રાષ્ટ્રીય સ્તર પર દેશભરમાં કાર્યક્રમ આયોજિત કરવામાં આવશે.

૫) પંચાયત સ્તર પર સામાજિક એકતા કાર્યક્રમ 14 થી 16 એપ્રિલ સુધી ચાલશે.

૬) અન્ય કાર્યક્રમમાં ગ્રામ કિસાન સભા 17 થી 20 એપ્રિલ 2016 સુધી ચાલશે.

૭) આ અભિયાનનો અન્ય કાર્યક્રમ ગ્રામસભા 21 થી 24 એપ્રિલ 2016 સુધી ચાલશે.

૮) 24 એપ્રિલના રોજ જમશેદપુરમાં પંચાયતી રાજ દિવસ મનાવવામાં આવશે.

**સમીક્ષા 264 તારીખ 20/4/16**

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

Edusafar

## રામ બહાદુર રાયને ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય કલા કેન્દ્રના પ્રમુખ તરીકે નિયુક્ત કરાયા...

૧) કેન્દ્ર સરકાર દ્વારા 14 એપ્રિલ 2016 ના રોજ વરિષ્ઠ પત્રકાર રામ બહાદુર રાયને રાજીવ ગાંધી દ્વારા સ્થાપિત ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય કલા કેન્દ્રના નવા પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

૨) હવેથી રામ બહાદુર રાય ચિનમય ખાનના સ્થાને બિરાજશે.

3) આ કલા કેન્દ્રને કેન્દ્ર સરકાર દ્વારા ફંડ આપવામાં આવે છે. આ કેન્દ્રને વર્ષ 1985 માં પૂર્વ પ્રધાનમંત્રી ઇન્દિરા ગાંધીની યાદમાં સ્થાપિત કરવામાં આવેલ.

૪) આ પદ પર આવ્યા બાદ રાય 20 સભ્યોની ટીમનું પ્રતિનિધિત્વ કરશે.

૫) રામ બહાદુર રાય દિલ્હીથી પ્રકાશિત હિન્દી પાક્ષિક પ્રથમ પ્રવક્તાના સંપાદક છે.

૬) તેઓ જનસતા સમાચાર પત્રના સંપાદક પણ રહી ચુક્યા છે.

૭) રામ બહાદુર રાય પૂર્વ પ્રધાનમંત્રી ચંદ્રશેખર પર રહવરી કે સવાલ અને પૂર્વ પ્રધાનમંત્રી વી.પી.સિંહ પર મંઝીલ સે જ્યાદા સફર પુસ્તક લખી ચુક્યા છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

## સમીક્ષા 265 તારીખ 21/4/16

**સુસ્મિતા પાંડેને રાષ્ટ્રીય સ્મારક પ્રાધિકરણના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા...**

૧) કેન્દ્ર સરકાર દ્વારા 14 એપ્રિલ 2016 ના રોજ સુસ્મિતા પાંડેને રાષ્ટ્રીય સ્મારક પ્રાધિકરણના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા.

૨) સુસ્મિતા પાંડે ઉજ્જૈનની વિક્રમ યુનીવર્સીટીના પ્રોફેસર છે.

3) સુસ્મિતા પાંડે વર્ષ 2015 માં સેવાનિવૃત થયેલ જે.એન.યુ.ના પ્રોફેસર હિમાંશુ પ્રભા રાયના સ્થાન પર બિરાજશે.

૪) છેલ્લા પાંચ માસથી ખાલી રહેલી આ જગ્યા સુસ્મિતા પાંડેના આવવાથી ભરાઈ છે.

૫) રાષ્ટ્રીય સ્મારક પ્રાધિકરણ સંસ્કૃતિ અને પર્યટન મંત્રાલય નવી દિલ્હીમાં કાર્યરત છે.

૬) આ સંસ્થા સ્મારકો અને પપર્યટક સ્થળોના સંરક્ષણ માટે કાર્ય કરે છે.

૭) આ સંસ્થાના અધ્યક્ષની નિયુક્તિ ત્રણ વર્ષ માટે કરવામાં આવે છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

## સમીક્ષા 266 તારીખ 22/4/16

**ગીતા જૌહરી ગુજરાતના પ્રથમ મહિલા ડી.જી.પી. તરીકે નિયુક્ત કરાયા...**

૧) 15 એપ્રિલ 2016 ના રોજ ગુજરાત સરકારે ગીતા જૌહરીને પોલીસ મહાનિર્દેશક તરીકે નિયુક્ત કરેલ છે.

૨) વર્ષ 1982 ની બેન્ચના પ્રથમ ગુજરાતી મહિલા આઈ.પી.એસ. તરીકેનું ગૌરવ તેને પ્રાપ્ત થયેલ છે.

3) હવે તેઓ ગુજરાતના પ્રથમ મહિલા ડી.જી.પી. બનવાનું ગૌરવ પ્રાપ્ત કરી ચુક્યા છે.

૪) પૂર્વ ડી.જી.પી. પી.સી.ઠાકુરની પ્રતિનિયુકતિ પર નાગરિક સુરક્ષા અને હોમગાર્ડસ મહાનિર્દેશકના રૂપમાં તેને કેન્દ્રમાં સ્થાનાંતરિત કરાતા, ગીતા જૌહરીને તે પદ આપવામાં આવેલ છે.

૫) 14 એપ્રિલ 2016 સુધી ગીતા જૌહરી ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમના પ્રબંધ નિર્દેશક તરીકે કામ કરતા હતા.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૬) તેઓ સી.બી.આઈ.પ્રમુખ આર.કે રાઘવનના આધીન સુપ્રીમકોર્ટ દ્વારા નિયુક્ત કરેલ વિશેષ ઇન્વેસ્ટીગેશન ટીમના સદસ્ય પણ છે.

૭) વર્ષ 1982 માં આઈ.પી.એસ.ની પરીક્ષા પાસ કર્યા બાદ તેઓની કરિયર અમદાવાદથી શરુ થઇ હતી.

## સમીક્ષા 267 તારીખ 23/4/16

**ધ હેરીટેઝ ઓફ સપોર્ટ વિષય સાથે આંતરરાષ્ટ્રીય સ્મારક અને સ્થળ દિવસ માનવવામાં આવ્યો...**

૧) 18 એપ્રિલ 2016 આંતરરાષ્ટ્રીય સ્મારક અને સ્થળ દિવસ મનાવવામાં આવ્યો.

૨) આ દિવસને વિશ્વ વિરાસત દિવસ તરીકે પણ ઓળખવામાં આવે છે.

3) આ વર્ષે 18 એપ્રિલ 2016 ના રોજ હેરીટેઝ ઓફ સ્પોર્ટ થીમ સાથે સમગ્ર વિશ્વમાં આ દિવસ મનાવવામાં આવ્યો.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૪) આ વર્ષની થીમને આંતરરાષ્ટ્રીય સ્મારક અને સ્થળ પરિષદ (ઇન્ટરનેશનલ કાઉન્સિલ ફોર મોન્યુંમેન્ટસ એન્ડ સાઈટ્સ) દ્વારા રિયો ઓલિમ્પિક 2016 ને ધ્યાને રાખીને પસંદ કરેલ છે.

૫) વિશ્વ વિરાસત દિવસ માનવ જાતિની સંપતિની રક્ષા કરવા માટે અને તેને જાળવી રાખવા માટે જાગૃતિ પેદા કરવા માટે સંસ્કૃતિક વિવિધતા પેદા કરવા માટે મનાવવામાં આવે છે.

૬) આ સંસ્થા મુલ્યવાન સંપતિઓના સંરક્ષણ માટે સમગ્ર વિશ્વના સામુહિક પ્રયાસની આપીલ કરેલ છે.

૭) વિશ્વ વિરાસત દિવસ મનાવવા માટે ના વિચારને યુનેસ્કોની મહાસભા દ્વારા મંજુરી આપવામાં આવી હતી.

૮) નવેમ્બર 1983 માં 22 માં સત્રના પ્રસ્તાવમાં સદસ્ય દેશો દ્વારા દર વર્ષે 18 એપ્રિલ આંતરરાષ્ટ્રીય સ્મારક અને સ્થળ દિવસ મનાવવાની વાત કરવામાં આવી હતી.

**સમીક્ષા 268 તારીખ 24/4/16**

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

EduSafar

**ભારતીય મૂળના ગીતા પાસીને અમેરિકામાં ચાડના રાજદૂત તરીકે નિયુક્ત કરવામાં આવ્યા...**

૧) સયુંકત રાજ્ય અમેરિકાના રાષ્ટ્રપતિ બરાક ઓબામાએ 19 એપ્રિલ 2016 ના રોજ ભારતીય અમેરિકી નાગરિક ગીતા પાસીને ચાડના રાજદૂત તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

૨) ચાડ નામનો દેશ મધ્ય આફ્રિકામાં સ્થિત દેશ છે.

3) હાલમાં પાસી સયુંકત રાજ્ય અમેરિકાના રાષ્ટ્રીય માનવ સંસાધન બ્યુરોમાં કરિયર વિકાસ અને અસાઈન્મેન્ટ કાર્યલયમાં નિર્દેશક છે.

૪) પાસી આ પહેલા જીબુતીમાં વર્ષ 2011 થી 2014 સુધી સયુંકત રાજ્ય અમેરિકાના રાજદૂત રહી ચુક્યા છે.

૫) આ પહેલા તેઓ 2006 થી 2009 સુધી ઢાંકામાં અમેરિકી દૂતાવાસ માટે વિશેષ મિશન હેતુ ડેપ્યુટી ચીફ પણ રહી ચુક્યા છે.

૬) ગીતા પાસી ફ્રેંકફર્ટ, જર્મનીમાં વર્ષ 2003 થી 2006 સુધી ડેપ્યુટી પ્રિન્સીપાલ ઓફિસર પણ રહી ચુક્યા છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૭) ભારતીય મૂળના પાસીએ અમેરિકામાં રહીને ત્યાની સરકાર સાથે હોંશભેર કામગીરી નિભાવેલ છે.

**સમીક્ષા 269 તારીખ 25/4/16**

**દીપા કર્માંકર ઓલિમ્પિક્સ માટે ક્વાલીફાઈ કરનાર પ્રથમ ભારતીય મહિલા જીમ્નાસ્ટ બન્યા...**

૧) ભારતીય જીમ્નાસ્ટ દીપા કર્માંકર 17 એપ્રિલ 2016 ના રોજ ઓલિમ્પિક્સ માટે ક્વાલીફાય કરનાર પ્રથમ ભારતીય જીમ્નાસ્ટ બન્યા છે.

૨) કર્માંકરે રિયો ઓલિમ્પિક માટે આયોજિત ટેસ્ટ સ્પર્ધામાં વિશેષ પ્રદાન કરીને આ ક્વોટાને હાંસલ કરેલ છે.

3) કર્માંકરે 52.698 અંક પ્રાપ્ત કરીને ઓગસ્ટમાં આયોજિત ઓલિમ્પિકમાં સ્થાન પ્રાપ્ત કરેલ છે.

૪) હાલમાં કર્માંકર વિશ્વ મહિલા જીમ્નાસ્ટમાં 79 માં સ્થાન પર છે.

૫) દીપા કર્માંકરનો જન્મ 9 ઓગસ્ટ 1993 માં થયો હતો, તેઓએ વર્ષ 2014 માં ગ્લાસગોમાં આયોજિત કોમનવેલ્થમાં કાંસ્ય પદક મેળવ્યો હતો.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૬) દીપા કર્માકર દ્વારા જીતવામાં આવેલ કોમનવેલ્થનો કાંસ્યમેડલ પ્રાપ્ત કરનાર તે પ્રથમ ભારતીય જીમ્નાસ્ટ મહિલા હતા.

૭) દીપા વિશ્વમાં સૌથી વધારે અંક પ્રાપ્ત કરનાર પાંચ મહિલાઓમાં સામેલ છે.

## સમીક્ષા 270 તારીખ 26/4/16

**ન્યાયમૂર્તિ પી.કે. મિશ્રા ગોવાના લોકાયુક્ત નિયુક્ત કરાયા...**

૧) પટના વડી અદાલતના પૂર્વ ન્યાયાધીશ ન્યાયમૂર્તિ પી.કે.મિશ્રાને 20 એપ્રિલ 2016 ના રોજ ગોવાના લોકાયુક્ત તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

૨) ગોવાના મુખ્યમંત્રી લક્ષ્મીકાંત પારેસકર દ્વારા મુંબઈ વડીઅદાલતના ન્યાયાધીશ તથા વિરોધપક્ષના નેતાથી સ્વીકૃતિ મળ્યા બાદ લોકાયુક્ત અધિનિયમ 2013 અંતર્ગત આ જાહેરાત કરવામાં આવી છે.

3) આ ઉપરાંત રાજ્ય સરકાર જસ્ટીસ મીશ્રાનું નામ ગોવાના ગવર્નર મૃદુલા સિન્હા સમક્ષ નિયુક્તિ માટે મુકેલ.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૪) મિશ્રા હાલમાં ગોવા રાજ્ય માનવ અધિકાર આયોગના અધ્યક્ષ પદ પરથી સેવા નિવૃત થયા છે.

૫) ગોવામાં મુખ્ય પદ પ્રાપ્ત કરવા પહેલા તે પટના ઉચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયાધીશ પદથી સેવા નિવૃત થયા છે.

૬) ગોવા રાજ્યના લોકાયુક્તનું પદ છેલ્લા બે વર્ષથી ખાલી હતું, ગોવાના પ્રથમ લોકાયુક્ત જસ્ટીસ સુદર્શન રેડ્ડીએ પોતાની નિયુક્તિના સાત વર્ષ બાદ ઓક્ટોબર 2013 માં તેણે પોતાના પદ પરથી રાજીનામું આપેલ.

૭) લોકાયુક્ત અધિનિયમ 2013 અનુસાર રાજ્યના રાજ્યપાલ લોકાયુક્તને નિયુક્ત કરવાનો અંતિમ અધિકાર ધરાવે છે.

**સમીક્ષા 271 તારીખ 27/4/16**

**ભારત અને ચીન વચ્ચે સરહદ મુદ્દા પર 19 માં તબક્કાની વાત-ચીત બેઇજીંગમાં સંપન્ન થઇ...**

૧) 20 એપ્રિલ 2016 ના રોજ ભારત અને ચીન વચ્ચે 19 માં તબક્કાની વાત-ચીત બેઇજીંગમાં સંપન્ન થઇ છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

Edusafar

૨) આ વાત-ચીત ભારત અને ચીનના વિશેષ પ્રતિનિધિઓ જેમાં ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત દોવલ અને ચીનના સ્ટેટ કાઉન્સિલર યાંગ જીએચી વચ્ચે થયેલ.

૩) બંને પક્ષો શાંતિપૂર્ણ અને સમસ્યાગ્રસ્ત સરહદ વિવાદ સુલજાવવા સમાધાન તરફ પહોચેલ છે.

૪) બન્ને પ્રતિનિધીઓએ બંને દેશો વચ્ચે 3884 કિલોમીટર લાંબા સરહદ વિવાદને શાંતિપૂર્ણ સુલઝાવવાની મસલત કરેલ છે.

૫) ભારત અને ચીન વચ્ચે વર્ષ 1993 માં ભારત અને ચીને વાસ્તવિક નિયંત્રણ રેખા પર શાંતિ જાળવવા માટે 7 સપ્ટેમ્બરના રોજ સમજુતી કરાર થયેલ.

૬) વર્ષ 1996 માં 29 નવેમ્બરના રોજ ભારત ચીન વચ્ચે સરહદી સમજુતી કરાર કરવામાં આવેલ.

૭) વર્ષ 2003 ના રોજ 23 જુન ભારત અને ચીન વચ્ચે વ્યાપક સહયોગ માતે કરાર થયેલ.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૮) 23 ઓક્ટોબર 2013 ના રોજ સરહદ સુરક્ષા માટે કરાર પર હસ્તાક્ષર કરવામાં આવેલ.

**સમીક્ષા 272 તારીખ 28/4/16**

ભારત દ્વારા વિશ્વ વ્યાપાર સંગઠનની વ્યાપાર સુવિધા સમજુતીને સ્વીકાર કરવામાં આવી...

૧) 22 એપ્રિલ 2016 ના રોજ ભારત દ્વારા વિશ્વ વ્યાપાર સંગઠનની નવી વ્યાપાર સુવિધા સમજુતીને અપનાવવાની જાહેરાત કરેલ છે.

૨) ભારતના વિશ્વ વ્યાપાર સંઘના રાજદૂત અંજલી પ્રસાદ દ્વારા ડબ્લ્યુ. ટી.ઓ.ના મહાનિર્દેશક રોબર્ટ અજવેડોને ભારતનો સ્વીકૃતિ દસ્તાવેજ સોંપવામાં આવેલ છે.

૩) ટ્રેડ ફેસીલીટેશન એગ્રીમેન્ટને અપનાવવાને કારણે ભારતના વ્યાપારમાં તેજી લાવી શકાશે.

૪) આ સમજુતી કરારમાં સામાનની આવન-જાવન અને તેની નિકાસો અને વિદેશ વ્યાપારમાં તેજી લાવી શકાશે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

Edusafar

૫) TFO ને સ્વીકાર કરનાર ભારત WTO નું 76 મુ સભ્ય રાષ્ટ્ર બનવા પામ્યું છે.

૬) ભારત સિવાય TFO સમજુતી કરારનામું અપનાવનાર દેશોની સંખ્યા ઘણી વધારે છે.

૭) 26 ઓક્ટોબર 2015 ના રોજ વિશ્વ વ્યાપાર સંગઠનની સુવિધા સમજુતી TFO કાર્યાન્વિત વૈશ્વિક વ્યાપારને 1 ટ્રીલીયન અમેરિકી ડોલર સુધી વિકસાવવાની ક્ષમતા છે.

## સમીક્ષા 273 તારીખ 29/4/16

**ભારત દ્વારા સયુંકત રાષ્ટ્રમાં જળવાયું સમજુતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા...**

૧) 22 એપ્રિલ 2016 ના રોજ 170 થી વધારે દેશોએ સાથે મળીને સયુંકત રાષ્ટ્રમાં ઐતિહાસિક પેરીસ જળવાયું  સમજુતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

EduSafar

૨) ભારતના પર્યાવરણ અને વનવિકાસ મંત્રી પ્રકાશ જાવડેકર દ્વારા સયુંકત રાષ્ટ્ર મહાસભાના સભાગૃહમાં ઉચ્ચ સ્તરીય સમારોહમાં આ હસ્તાક્ષર કરવામાં આવેલ છે.

૩) આ મહાસભાના સમારોહનું અધ્યક્ષ સ્થાન સયુંકત રાષ્ટ્રના મહાસચિવ બાનકી મુનને આપવામાં આવેલ.

૪) આ હસ્તાક્ષરમાં એટલા માટે મહત્વપૂર્ણ છે કે તેમાં વિકાસશીલ અને વિકસિત બંને દેશોના વધતા તાપમાનનો ઘટાડો કરવા માટે ગ્રીન હાઉસ ગૈસોના ઉત્સર્જનમાં ઘટાડો કરવાના મોરચા પર કામ શરૂ કરેલ છે.

૫) 177 દેશો એકસાથે જળવાયું સમજુતી કરાર પર હાજર રહ્યા તે પણ એક રેકોર્ડ માનવામાં આવે છે.

૬) આ પહેલા વર્ષ 1982 માં 119 દેશોએ સમુદ્રી નિયમ સંધિ પર હસ્તાક્ષર કરેલ.

૭) આ સમજુતી કરારથી વિશ્વની મુખ્ય સમસ્યા પર મહદઅંશે પ્રભાવ પાડી શકાશે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

## GK Samixa 16થી 31 એપ્રિલ સામાન્ય જ્ઞાન

**સમીક્ષા 274 તારીખ 30/4/16**

રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી દ્વારા રાજ્યસભામાં છ સદસ્યોના નામની મંજુરી આપવામાં આવી...

૧) 22 એપ્રિલ 2016 ના રોજ દેશના રાષ્ટ્રપતિ દ્વારા રાજ્યસભામાં છ સદસ્યોના નામની મંજુરી આપવામાં આવી છે.

૨) આ છ સદસ્યોમાં ભાજપના નેતા સુબ્રમણ્યમ સ્વામી, પૂર્વ ક્રિકેટર નવજ્યોત સિંધુ,ઓલિમ્પિક વિજેતા મેરીકોમ, હવે રાજ્ય સભાના સદસ્ય બનશે.

3) રાજ્ય સભા માટે નમિત છ સભ્યોમાં અન્ય ત્રણ સભ્યોમાં અર્થશાસ્ત્રી નરેન્દ્ર જાધવ, અભિનેતા સુરેશ ગોપી, અને પત્રકાર સ્વપ્ન દાસ ગુપ્તાનો પણ સમાવેશ થાય છે.

૪) રાજ્યસભાના છ નામાંકિત સભ્યોનો કાર્યકાળ આ વર્ષે પૂર્ણ થાય છે તેમાં મણિશંકર અય્યર, જાવેદ અખ્તર, બી.જયશ્રી, મૃણાલ મેરી, રાધા કુમુદ મુખર્જી, અને બાલ ચંદ્ર મુંગેકર સામેલ છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૫) રાજ્ય સભા ભારતીય લોકતંત્રનું ઉપલું ગૃહ છે, તથા લોકસભા નીચલું ગૃહ છે.

૬) રાજ્ય સભામાં 250 સદસ્યો હોય છે,જયારે લોકસભામાં 545 સદસ્યો હોય છે.

૭) રાજ્યસભામાં સદસ્યોનો કાર્યકાળ 6 વર્ષનો રાખવામાં આવેલ છે, અને જેમાં એકતૃતિયાંશ સદસ્યો 2 વર્ષે સેવાનિવૃત થાય છે.

**- પરેશ ચાવડા**

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**